RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 11 Date: 31.10.2023,Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રજાજનોને શપથ લેવડાવશે



અમદાવાદ,તા.૩૦

ભારતના રાજકીય એકીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનના સન્માનમાં ૩૧ ઓક્ટોબરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.વર્ષ ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના ઉપલક્ષમાં આ ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.ત્યારે સરદાર પટેલ જયંતી નિમિત્તે ૩૧ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઇ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પિને સમગ્ર દેશવાસીઓ તરફથી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી પ્રજાજનોને રાષ્ટ્રીય એકતા દિવસની શપથ પણ લેવડાવશે.સાથે, તેઓ એકતાનગરમાં પ્રવાસીઓની સુવિધા માટેના રૂ. ૧૯૬ કરોડના વિવિધ વિકાસ કામોણૂ લોકાર્પણ-ખાતમુહૂર્ત પણ કરશે. વડાપ્રધાન એકતાનગરથી અમદાવાદ વચ્ચે દર રવિવારે ચાલનારી હેરીટેજ ટ્રૈનને લીલીઝંડી આપીને પ્રારંભ કરાવશે.

રાષ્ટ્રીય એકતા દિન તરીકે ઉજવણીના ભાગરૂપે આ વર્ષે કચ્છના લખપતના કિલ્લાની ૧૦૬ મીટર લાંબી પ્રતિકૃતિ રજુ કરવામાં આવી છે. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના લોકાર્પણને પાંચ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સમક્ષ યોજાનારી પરેડમાં અર્ધ લશ્કરી દળો સાથે પાંચ રાજયોના પોલીસ વિભાગ જોડાયા છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી કચ્છના લખપતના કિલ્લાની પ્રતિકૃતિ સાથે પોતાનું પ્રેરક ઉદબોધન કરશે. ત્યારબાદ પોલીસજવાનો દ્વારા પરેડ કરવામાં આવશે. તેના પશ્ચાદભૂમાં આ કિલ્લો હશે. લખપતનો કિલ્લો દેશના એ ચુનિંદા કિલ્લાઓ પૈકીનો એક છે, જ્યાં આજે પણ સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસતાક દિને ધ્વજવંદન કરાય છે અને પાકિસ્તાન બોર્ડર સમીપે આવેલા આ ઐતિહાસિક સ્થળે શાનથી તિરંગો લહેરાય છે.

લખપતના કિલ્લાની તવારીખ ૧૮ મી સદીમાં લખપત બંદર દરિયાકાંઠાનો વેપારનું મહત્વપૂર્ણ હબ હતું. કિલ્લા નજીક ઐતિહાસિક ગુરુદ્વારા આવેલી છે. એવું માનવામાં આવે છે કે ગુરુ નાનક તેના બીજા (૧૫૦૬–૧૫૧૩) અને ચોથા (૧૫૧૯-૧૫૨૧) પ્રવાસ દરમિયાન બે વાર અહીં રોકાયા હતા. લખપતનો કિલ્લો અહીંના ભવ્ય વારસાની યાદ અપાવે છે. કહેવાય છે કે, અહી શાસકોના નામ પરથી કિલ્લાનું નામ લખપત પડ્યું હતું તો બીજી તરફ અહીં સિંધુના વહેણ વહેતા એટલે લાલ ચોખાની ખેતી થતી અને દરરોજ લાખોની આવક થતી એટલે બંને પણ લખપત નામ પડ્યું હોવાનું કહેવાય છે,આ સ્થળ શિખો માટેનું પવિત્ર યાત્રાધામ છે. ૧૬ જૂન ૧૮૧૯ના રોજ ૭.૯ મૅગ્નિટયૂડનો અતિ વિનાશક ભૂકંપ આવ્યો હતો, જેને કચ્છના નકશામાંથી સિંધુનું વહેણ ગાયબ કરી અલ્લાહબંધ સર્જી દીધો હતો. સિંધુ નદીની એક ચેનલ જે નરાથી ઓળખાય છે ત્યાં જ આ બંધ સર્જાઈ જતાં કચ્છથી વિખૂટી પડી ગઈ હતું. માત્ર સિંધુનું વહેણ પણ આ સાથે કચ્છના પશ્ચિમી છેવાડે આવેલા લખપત બંદરનું ઓમાન કરાચી જેવા દેશો સાથેનું ઈનલેન્ડ નેવિગેશન બંધ થઇ ગયું અને વહાણવટા ઉદ્યોગ અને લખપત કાયમ માટે આર્થિક રીતે પડી ભાંગ્યું હતું,આજે કિલ્લાના અવશેષ તેના સાક્ષીપૂરે છે.

દરમિયાન રાષ્ટ્રીય એકતા દિનના ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રોજેક્ટોનું વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરાશે.ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં નિર્માણ પામેલા કલમલ પાર્કને લોકો માટે ખુલ્લો મુકાશે. રૂ.૭.૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કમલમ્ પાર્કનું લોકાર્પણ વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવશે.આ પ્રોજેક્ટમાં નર્મદા નદીના કિનારે ડ્રેગન ફ્રૂટ, કે જે 'કમલમ' તરીકે જાણીતું છે, તેની નર્સરી બનાવવામાં આવી છે. આ નર્સરીમાં પ્રવાસીઓ અને ખેડૂતોને આ ફળના ફાયદા અને તેની ખેતીની પદ્ધતિ વિશે શિક્ષિત કરવા માટે ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટર બનાવવામાં આવ્યું છે.જેના થકી પ્રવાસીઓને કમલમ વિશે માહિતગાર કરવામાં આવશે. કમલમ પાર્કએ ખેડૂતોની આવક વધારવા અને ખેડૂતોને આજીવિકાનો નવો વિકલ્પ પૂરો પાડવા માટે વડાપ્રધાનના વિઝનથી પ્રેરિત પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટમાં ડ્રેગન ફ્રૂટ કે જે કમલમ તરીકે જાણીતુ છે તે નર્મદા નદીના ડાબા કિનારે સુંદર નર્સરી એકતાનગર ખાતે સ્થાપિત કરવામાં આવી છે. આ નર્સરીમાં મુલાકાતીઓ અને ખેડૂતોને આ ફળના ફાયદા અને તેની ખેતીની પદ્ધતિ વિશે માહિતગાર કરવા માટે ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટર મહત્વનો ભાગ તરીકે કાર્ય કરી રહ્યું છે.જયાં ૯૧,૦૦૦ કમલમ છોડનું વિતરણ પણ કરાશે.નર્સરીનું એકંદર વાતાવરણ અને કેક્ટસ ગાર્ડનની તેની નિકટતા તેને એકતા નગરના મુલાકાતીઓ માટે રસપ્રદ આકર્ષણ બનાવે છે.

## મુખ્યમંત્રી અશોક ગેહલોત પાસે કુલ ૬ કરોડ ૬૩ લાખ રૂપિયાની સંપત્તિ

જયપુર,તા.૩૦

રાજસ્થાનના મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા અશોક ગેહલોત દેશના કરોડપતિ મુખ્યમંત્રીઓમાંના એક છે. વિધાનસભા ચૂંટણી-૨૦૨૩માં ફરી એકવાર મુખ્યમંત્રી અશોક ગેહલોતને સરદારપુરા વિધાનસભા બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે. તેઓ સરદારપુરાના આઉટગોઈંગ ધારાસભ્ય પણ છે.

એફિડેવિટ મુજબ અશોક ગેહલોત પાસે કુલ ૬ કરોડ ૬૩ લાખ રૂપિયાની સંપત્તિ છે. તેમની પાસે ૧૪,૪૬૯,૩૬૨ રૂપિયાની જંગમ સંપત્તિ અને ૫૦,૯૦૦,૯૫૦ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. ગેહલોત આવકવેરા વિભાગને વાર્ષિક રૂ. ૧૮,૫૬,૮૨૮નો ટેક્સ ચૂકવે છે.

અશોક ગેહલોતના નામ પર કોઈ વાહન નથી. સીએમ ગેહલોતની પત્ની સુનીતા ગેહલોત ગૃહિણી છે. સુનીતા ગેહલોત પાસે ૫૨ લાખ ૨૧ હજાર ૮૩૯ રૂપિયા છે. વળી, અશોક ગેહલોતની કંપની 'ગેહલોત સનલાઈટ કાર રેન્ટલ સર્વિસિસ' તેમના પુત્ર ચલાવે છે.અશોક ગેહલોતની આવકનો સૌથી મોટો સ્ત્રોત તેમનો પગાર છે. આ સિવાય તે પોતાની કંપની 'ગેહલોત સનલાઈટ કાર રેન્ટલ સર્વિસ'માંથી પણ કમાણી કરે છે. સીએમ અશો નો પગાર હાલમાં દર મહિને ૭૫,૦૦૦ રૂપિયા છે. સીએમ સિવાય ધારાસભ્ય તરીકે અશોક ગેહલોતને દર મહિને ૩૫૦૦૦ રૂપિયાનો પગાર મળે છે.

સેલેરી સિવાય સીએમ ગેહલોતને દર મહિને વિવિધ પ્રકારના ભથ્થા અને અન્ય આર્થિક મદદ મળે છે. જો આ બધાને ભેગા કરવામાં આવે તો અશોક ગેહલોતને દર મહિને ૧,૭૫,૦૦૦.૦૦ રૂપિયાનો પગાર મળે છે. તેમનો વાર્ષિક પગાર ૨૧,૦૦,૦૦૦.૦૦ રૂપિયા છે. સીએમ તરીકે અશોક ગેહલોતને આવાસ અને મુસાફરી બધુ જ સરકારી ખર્ચે થાય છે.

## છત્તીસગઢનું મોડલ ગુજરાત મોડલ કરતા સારું છે, તે એક શો-ઓફ મોડલ હતું, પ્રિયંકા ગાંધી

રાયપુર,તા.૩૦

છત્તીસગઢમાં ચૂંટણી પ્રવૃતિ પૂરજોશમાં ચાલી રહી છે. પ્રચાર પૂરજોશમાં છે. જેમ જેમ ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની મુલાકાતો વધી રહી છે. આ ક્રમમાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ચોથી વખત છત્તીસગઢના પ્રવાસે છે. અહીં એક જાહેરસભામાં પ્રિયંકા ગાંધીએ કહ્યું કે અમે વચન આપ્યું હતું કે સરકાર આવતાં જ થોડા દિવસો પછી ખૈરાગઢ જિલ્લો બનાવવામાં આવશે, કોંગ્રેસની સરકાર બનતાં જ રાજયના વીજળીના બિલ માફ કરવામાં આવશે, ૨૦૦ યુનિટ વિજળી થશે. મફતમાં ઉપલબ્ધ, મહિલા જૂથોની લોન માફ કરવામાં આવશે, ૧૦૦ નવા ગ્રામીણ ઔદ્યોગિક ઉદ્યાનો બનાવવામાં આવશે, છત્તીસગઢના રહેવાસીઓને માર્ગ અકસ્માત અને અચાનક અકસ્માતના કિસ્સામાં મફત



આરોગ્ય સુવિધાઓ મળશે, સાથે સંકળાયેલા ૬૦૦૦ થી વધુ વાહન માલિકોની બાકી લોન ૨૦૧૮ સુધીના ટ્રાન્સપોર્ટ બિઝનેસને માફ કરવામાં આવશે. છત્તીસગઢમાં સરકાર બનતાની સાથે જ તમામ વચનો પૂરા કરવામાં આવશે. રાજયમાં ફરી એકવાર સરકાર બનશે ત્યારે આજે કરવામાં આવેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે છત્તીસગઢનું મોડલ ગુજરાત મોડલ કરતા સારું છે, તે એક શો-ઓફ મોડલ હતું, લાખો ખેડૂતોને કરોડો રૂપિયાની સબસિડી આપવામાં આવી છે, લાખો ખેડૂતોની લોન માફ કરવામાં આવી છે, વીજળીના બિલો આવી ગયા છે. આના દ્વારા વન પેદાશોની આવકમાં વધારો થયો, બાજરી ઉત્પાદનના મોટા પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા, બસ્તર જે હિંસા માટે જાણીતું હતું તે આજે બાજરી માટે જાણીતું છે. તેની સંસ્કૃતિ માટે જાણીતી હોવાથી, તેણે ઘણા મહાન કાર્યો કર્યા છે.

પ્રિયંકા ગાંધીએ એમપીની શિવરાજ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે સરકારે એમપીમાં કશું કર્યું નથી. ચૂંટણી આવતા જ તેઓ મીઠી મીઠી વાતો કરે છે અને ચૂંટણી જીત્યા બાદ બધું ભૂલી જાય છે. પ્રિયંકાએ કહ્યું કે એમપીમાં મહિલાઓ માટે કંઈ કરવામાં આવ્યું નથી. જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ સીએમ લાડલી બ્રાહ્મણ યોજના લઈને આવે છે.

જયાં જયાં ભાજપની સરકાર છે ત્યાં ખેડૂતોને હેરાન કરવામાં આવી રહ્યા છે. સરકાર ખેડૂતો માટે કંઈ કરી રહી નથી. કેન્દ્ર સરકાર માત્ર તેના ઉદ્યોગપતિ મિત્રોને ખુશ કરવાનો પ્રયાસ કરી રહી છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે ગુજરાત મોડલ નિષ્ફળ ગયું છે. હવે દરેક જગ્યાએ છત્તીસગઢ મોલની ચર્ચા થઈ રહી છે. સીએમ બઘેલના નેતૃત્વમાં રાજ્ય પ્રગતિ કરી રહ્યું છે.પ્રિયંકા ગાંધીએ કહ્યું કે કેન્દ્ર સરકાર દેશ અને રાજયની સંપત્તિ છીનવી રહી છે. ભૂપેશ બઘેલે રાજયની મિલકત લોકોને પરત કરવાનું કામ કર્યું છે. કેન્દ્ર સરકાર ઉદ્યોગપતિઓનું ભલું કરવામાં વ્યસ્ત છે. કેન્દ્ર સરકારને ગરીબો સાથે કોઈ લેવાદેવા નથી.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે સીએમ બઘેલ એક ખેડૂતના પુત્ર છે, તેઓ ખેડૂતો અને ગરીબોની સમસ્યાઓ સારી રીતે જાણે છે અને ગરીબોના કલ્યાણ માટે સતત કામ કરતા રહે છે.સીએમ બઘેલના વખાણ કરતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે સીએમએ ઘણા રાજયોના પ્રભારી તરીકે કામ કર્યું છે. તેઓ ગમે ત્યાં રહે છે, તેઓ હંમેશા રાજયના લોકોની ચિંતા કરે છે.જનસભાને સંબોધતા પ્રિયંકા ગાંધીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે તમે લોકો ભૂલથી પણ ખોટા નિર્ણય ન લો. દેશમાં બેરોજગારી સૌથી વધુ છે. પ્રિયંકાએ કહ્યું કે છત્તીસગઢ પ્રગતિ કરી રહ્યું છે. સીએમ બઘેલે રાજયના લોકોનું સન્માન વધાર્યું છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે રાજયમાં ફરી સરકાર બનશે તો મહતરી ન્યાય યોજના લાગુ કરવામાં આવશે. સાત લાખ ૬૩ ગ્રાહકોને મફત વીજળી આપવામાં આવશે. મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-સહાય જૂથોની લોન માફ કરવામાં આવશે. માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને મફત સારવાર મળશે.

## પ્રેમી સાથે લગ્ન કરવા ભારતથી પાકિસ્તાન ભાગી ગયેલી અંજુ હવે દેશ પરત ફરશે

નવીદિલ્હી,તા.૩૦

અંજુ, જે તેના બે બાળકો, ૧૫ વર્ષની પુત્રી અને છ વર્ષના પુત્રને ભારતમાં છોડીને તેના પ્રેમીને ફેસબુક પર મળ્યા બાદ અને પછી પ્રેમમાં પડ્યા બાદ તેના પ્રેમી સાથે લગ્ન કરવા પાકિસ્તાન જતી રહી હતી તે અંજુ હવે ભારત પરત ફરશે. તમને જણાવી દઈએ કે ૩૪ વર્ષની અંજુ તેના ફેસબુક ફ્રેન્ડ સાથે લગ્ન કરવા ભારતથી પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના એક દૂરના ગામમાં ગઈ હતી, જે હવે પાકિસ્તાન સરકારની મંજૂરી મળ્યા બાદ ભારત પરત આવશે. અંજુના પાકિસ્તાની પતિ નસરુલ્લાએ આ માહિતી



આપી છે. ઓગસ્ટમાં પાકિસ્તાન સરકારે અંજુના વિઝાને એક વર્ષ માટે લંબાવ્યો હતો. ભારતથી પોતાના પ્રેમી સાથે લગ્ન કરવા પાકિસ્તાન આવેલી અંજુનું ધર્મ પરિવર્તન થયું અને નસરુલ્લા સાથે લગ્ન કર્યા બાદ તેનું નામ ફાતિમા રાખવામાં આવ્યું.

અંજુના પાકિસ્તાની પતિએ પીટીઆઈને કહ્યું, "અમે ઈસ્લામાબાદમાં ગૃહ મંત્રાલય તરફથી એનઓસીની રાહ જોઈ રહ્યા છીએ જેના માટે અમે અરજી કરી દીધી છે." એનઓસી પ્રક્રિયા થોડી લાંબી છે અને તેને પૂર્ણ થવામાં સમય લાગે છે, હવે એનઓસી પ્રક્રિયા હેઠળ વાઘા બોર્ડર પર અંદર અને બહાર જવા માટેના દસ્તાવેજો પૂર્ણ થતાં જ અંજુ ભારત જશે. ,

નસરુલ્લાએ અંજુના પાકિસ્તાનથી ભારત પરત ફરવાનું કારણ સમજાવ્યું અને કહ્યું કે, તે ભારતમાં તેના બાળકોને મળવા જઈ રહી છે અને બાળકોને મળ્યા બાદ તે પાકિસ્તાન પરત ફરશે. "તે ચોક્કસપણે પાછી આવશે કારણ કે પાકિસ્તાન હવે તેનું ઘર છે," તેણે કહ્યું. ગયા મહિનાની શરૂઆતમાં, નસરુલ્લાએ કહ્યું હતું કે અંજુ "માનસિક રીતે અસ્વસ્થ છે અને તેના બંને બાળકોને ખરાબ રીતે યાદકરે છે".

તમને જણાવી દઈએ કે ૨૫ જુલાઈના રોજ અંજુએ તેના ૨૯ વર્ષના ફેસબુક ફ્રેન્ડ નસરુલ્લા સાથે લગ્ન કર્યા, જેનું ઘર પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના અપર ડીર જિલ્લામાં છે. અંજુ અને નસરુલ્લા બંને વર્ષ ૨૦૧૯માં ફેસબુક પર મળ્યા હતા અને મિત્ર બન્યા હતા, મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ હતી જે પછી બંનેએ સાથે રહેવાનું નક્કી કર્યું હતું. આ પછી અંજુ ભારતથી પાકિસ્તાન જતી રહી.

તંત્રી લેખ......

## ગ્રામ્ય અને શહેરી વાર્તાઓનું અદ્ભૂત સંકલન

'મારા શમણે ઊગેલ વાતો' પુસ્તકમાં સમયની સાથે ડગલાં માંડતી નક્કર યથાર્થની નિખાલસ વાર્તાઓ છે. પૂજ્ય માતુશ્રી ગં.સ્વ. રામુબાને અર્પણ કરાયું છે. સર્જક કેફિયત શીર્ષક હેઠળ લેખક માધવ ગઢવી 'ચારણીયા'એ નિખાલસ ભાવે મનની વાત કહી છે. ભાષા શિક્ષકના નાતે શબ્દજગત સાથે પ્રેમ થઈ ગયો. ગુરુ અને માર્ગદર્શક ડો.ગોપાલભાઈ શર્માના પ્રેમાગ્રહે લખતા થયા. પ્રથમ પુસ્તક એ પહેલા ખોળે જન્મેલ સંતાન સાથે સરખાવે છે. 'સમયની સાથે ડગલાં માંડતી નક્કર યથાર્થની નિખાલસ વાર્તાઓ'માં કપડવંજ કોલેજના આચાર્ય ડો.ગોપાલ શર્મા લખે છે કે વાર્તાઓમાં મુખ્યત્વે ગ્રામ પરિવેશ છે. શહેર પણ છે. ગામડામાં હજીય ઉષ્મા, સ્નેહ અને સંવેદના છે. લોકબોલીના શબ્દો વાચક ઉપર સીધી અસર કરે છે.

ચોત્રીસ વાર્તાઓ છે. 'ઉત્તરાધિકારી'માં કુંવારા નિકુંજભાઈને ભાડે મકાન નથી મળતું અને પછી મકાન માલિકના પરિવારમાં લગ્નની વાત પણ આવે છે. 'ઊગો'માં ભણવાની વાત સરસ રીતે મૂકાઈ છે. 'ઘડિયાળ-ગોગલ્સ'માં સંબંધોની જીવંતતા જોવા મળે છે. 'લોકડાઉન'માં વાતાવરણનો પ્રભાવ સરસ રીતે રજૂ થયો છે. 'પ્રિયજન'માં સુમિત-સુનિતાના માધ્યમથી પ્રસન્ન દાંપત્યનો જીવંત ચિતાર આલેખ્યો છે. 'ડોક્ટર'માં નાના ગામડામાં મનોજ ડોક્ટર બનીને આવ્યો તેનો સૌને આનંદ છે. તાલુકા મથકની હોસ્પિટલમાં કાયમી નિમણૂંક થતાં ગામ આખાનો આનંદ અવર્ણનીય છે. 'ધારા'માં ભાવિ સપનામાં રાચતી યુવતીને તેના જ બનેવી સાથે ઘર માંડવાનું થતાં પોતાના સપનાં પર પૂર્ણવિરામ મૂકવો પડે છે.

'શરદ પૂર્ણિમા'માં તહેવારના વર્ણનની જીવંતતા માણવા જેવી છે. 'ઝેરકટોરો'માં કુંદનિકા અને આશુતોષના પતિ-પત્નીના જીવનની લીલી વાડીનું સરસ વર્ણન છે. પરંતુ તેમની પુત્રી મીરાં અને શ્યામલનું જીવન તો ખૂબ અદકેરું છે. શ્યામલના અકસ્માત બાદ મૃત્યુએ જીવનમાં મોટો વળાંક સરજ્યો હતો. 'ધીરજ'માં મેધાના પરિણિત જીવનની વેદનાની વ્યથાઓનું આલેખન છે. પરિવારના સૌ મેધાને રમકડું સમજી રમત રમવા અધીરા હતા. પરિવારથી સાવ અલગ રહી મેધાએ પતિમાં પરિવર્તન કર્યું અને આખો પરિવાર જોઈ રહ્યો.

# આજના વિદ્યાર્થીઓ ક્યારે શિક્ષક બનવા તૈયાર થશે ખરા?



શિક્ષકોના હાથોમાં આપણા દેશનું ભવિષ્ય છે.શિક્ષકો દેશના ચારિત્ય ઘડતરનું કામ કરે છે.આજે શિક્ષકો તેજસ્વી કેમ લાગતા નથી? આજના શિક્ષકો વર્ગખંડ કરતા ટ્યૂશન ક્લાસમાં વધુ રસ લે છે.મા સરસ્વતીની આરાધનાને બદલે લક્ષ્મીદેવીની કૃપા પાછળ વધુ ધ્યાન આપે છે.અમુક શિક્ષકો પગાર લઈ વેઠ ઉતારતા નજરે પડે છે.શિક્ષકોએ આધુનિક જમાના સાથે કદમ મેળવવા પડશે.આધુનિક લેટેસ્ટ ટેક્નોલોજીથી માહિતગાર થવું પડશે.જે તે વિષયની તૈયારી સાથે વર્ગખંડમા પ્રવેશવું પડશે.બાળકોને રસ પડે એવી રસાળ શેલીમાં ભણાવવું પડશે.

આજે સમાજમાં કેળવણીનું મહત્વ વધ્યું પણ શિક્ષકોની આભા અને માન આદર કેમ ઘટી ગયા? આજના વિદ્યાર્થીઓ ભાવી શિક્ષક બનવા કેમ તૈયાર નથી?

શિક્ષકોના પગાર ધોરણ ઉંચા હોવા જોઈએ સરકારી શિક્ષણ સાવ ખાડે ગયું છે.

શિક્ષક અને શિક્ષણની ગુણવત્તા સુધારવવા કોઈ પગલાં લેવાતા નથી.શિક્ષણમા રાજકારણીઓની દખલગીરી બંધ થવી જોઈએ શિક્ષકોએ કોર્ષ મુજબ ભણાવવું પડે છે.આજે દુનિયા આગળ વધી ગઈ છે.શિક્ષકોએ નવા નવા પ્રયોગો કરી વિદ્યાર્થીઓને અભ્યાસમા રસ લેતા કરવા જોઇએ. શિક્ષકોએ પોતાના આત્મસંતોષ માટે પણ કશું કરવું પડશે.શિક્ષક પોતે પોતાના વ્યવસાય માટે ગૌરવ લઈ શકે એવું કામ કરવું પડશે.

આપને શિક્ષકોની ટીકા કરીએ છીએ પણ તેમને માટે શું કરીએ છીએ? શિક્ષક ટ્યુશન મારફતે હજારો રૂપિયા કમાઈ શકતા હોય તો વર્ગખંડમા ટૂંકા પગારે શા માટે લમણાંઝીક કરે?

આપણા દેશમાં શિક્ષકો માટે તાલીમ કોશલ્યના વર્ગો ખોલવાની તાતી જરૂર છે.પગાર અને આત્મસંતોષના અભાવને કારણે મોટાભાગના શિક્ષકો શિક્ષણકાર્ય પ્રત્યે બેદરકાર બની જાય છે.દેશના સારા ભાવી માટે આ શુભ સંકેત નથી

શિક્ષકના હાવભાવ રીતભાત વાણી વર્તનનો વિદ્યાર્થીઓ પર ખુબ જ ઊંડો પ્રભાવ પડે છે.શિક્ષકોને માથે સમાજના ચારિત્ય ઘડતરની જવાબદારી હોય છે સમાજને ડિગ્રીધારી વિદ્યાર્થીઓ કઈ કામ લાગતા નથી.આ લોકોને ગુજરાતી વાંચવાના પણ ફાંફા હોય છે.આવા વિદ્યાર્થીઓ સમાજને શી રીતે ઉપયોગી થાય?

વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય. તમામ જગ્યા પર ભણેલો વિદ્યાર્થી ઉત્કૃષ્ટ દેખાવ કરે તો વિદ્યાર્થીના પરિવાર અને સમાજનું કઈ ભલું થાય?

શિક્ષકો અને વિદ્યાર્થીઓ બન્નેએ શિક્ષણની ગુણવત્તા પર ધ્યાન આપવાની ખાસ જરૂર છે.

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

## ક્રોધને પ્રેમમાં બદલવું - સંત રાજીન્દર સિંહજી મહારાજ

પ્રત્યેક દિવસ આપણે એવી પરિસ્થિતિમાંથી પસાર થઈએ છીએ જેનાથી ક્રોધ વધી શકે છે. ક્યારેક આપણે ત્યારે ક્રોધિત થઈએ છીએ જ્યારે આપણને કોઈ નુકસાન પહોંચાડે છે કે પછી આપણને નારાજ કરે છે. એવા પણ ઉદાહરણો છે કે જેમાં આપણે બીજાઓને નુકસાન પહોંચાડતા જોઈને ક્રોધિત થઈએ છીએ.



આપણે એવા સામાજિક અન્યના કિસ્સાઓ પણ જોઈએ છીએ જેમાં સમાજના વ્યક્તિઓનો એક સમૂહ અન્યાય સહન કરી રહ્યો હોય છે. આ બધી બાબતોમાં આપણને લાગે છે કે કંઈક ખોટું થઈ રહ્યું છે તેને આપણે નજર અંદાજ ન કરીએ. ફરક ફક્ત એટલો જ છે કે આપણે અન્યાય પ્રત્યે કેવા પ્રકારની પ્રતિક્રિયા કરીએ છીએ? આપણે નિર્ણય લેવાની ક્ષમતા રાખીએ છીએ. આપણી ક્રોધિત થઈને પ્રતિક્રિયા કરી શકીએ છીએ અથવા આપને ક્રોધને કાબુ કરીને તેને પ્રેમમાં બદલી શકીએ છીએ. મધર ટેરેસાએ ક્રોધને પ્રેમથી કાબુ કરવાનો નિર્ણય લીધો હતો.

સંસાર ક્રોધ અને હિંસાથી ભરેલો છે દરેક ગામ દરેક શહેરમાં, દરેક ઘરમાં આપણને ક્રોધનો વિસ્ફોટ થતો જોવા મળે છે. આ ક્રોધના બદલામાં વધારે ક્રોધ કરવાથી આગમાં ઘી હોમવા જેવું કામ થાય છે. આપણે આગ ઉપર હવાનો પ્રહાર કરીને આગને બુજાવી શકતા નથી. આપણે આગને પાણીથી જ હોલવવી પડે છે. એવી જ રીતે આપણે ક્રોધની આગને ક્રોધ થી શાંત કરી શકતા નથી પરંતુ આપણે ક્રોધની આગને પ્રેમથી શાંત કરી શકીએ છીએ. કોઈપણ ઝઘડામાં ક્રોધ ભર્યા અવાજે બોલવાના જગ્યાએ આપણે મીઠાશ નો મલમ લગાવવો જોઈએ જેથી કરીને બીજાઓનો ગુસ્સો પણ શાંત થાય. વાતાવરણમાં ક્રોધ ભર્યા વિચારોની તરંગોને વધારવા કરતા આપણે પ્રેમ ભર્યા વિચારોને પ્રસારિત કરીએ જેથી કરી વાતાવરણ સાફ થઈ જાય.

સંસારમાં બહુ જ ક્રોધ હાજર છે. આવો આપણે સંસારમાં સમન્વય તથા શાંતિ લાવીએ. આવો આપણે ક્રોધને પ્રેમથી જીતી લઈએ. આપણે જોઈશું કે આપણું આવું કૃત્ય એક તરંગની જેમ બીજાઓ સુધી પણ પહોંચશે અને એ દિવસ દૂર નહીં હોય જ્યારે આપણું વાતાવરણ, આપણો સમાજ તથા આપણો સમુદાય આ સંસારમાં શાંતિનો આશય બની જશે.

# "પુરૂષોના ઘા પર મલમપટી કરવા સરકાર પુરૂષ આયોગની રચના કરે અને તેમાં મહિલાઓની નિમણૂક કરે !!! " ગિરધરલાલનો માસ્ટર સ્ટ્રોક !!!!

" ગિરધરભાઇ બરબાદ થઇ ગયા,લૂંટાઇ ગયા, પતી ગયા, ખત્મ થઇ ગયા, ખલ્લાસ થઇ ગયા,રસ્તા પર આવી ગયા!'''' રાજુ નંખાઈ ગયેલો . મને પોલીસ ઈન્સ્પેક્ટર સમજી વગર પૂછયે કાગડાની જેમ કાઉં કાઉં કરી ઉલ્ટીની માફક ઓકી ગયો!!

"રાજુ . કોઇ લૂંટેરી દુલ્હન ભટકાઇ ગઇ.??ક્યાંય હની ટ્રેપમાં ફસાઇ ગયો?? કોઇએ તારી જાતીય સતામણી કરી. તારા માટે એ તો પત્ની વગરના માટે ન મામા કરતા કાણો મામો જેવું સુખદ બાબત કહેવાય.તારી નોકરી છૂટી ગઈ? અરે,બીજી મળશે! રાજુ જીવનમાં બાયડી (સુજ્ઞ વાંચકો પત્નીને બાયડી કહેવાની ધૃષ્ટતા કે ચેષ્ટા માટે ક્ષમાપાર્થી છું! કેટલાક બળેલાઝળેલા જીવોના વદન પર હાસ્યનું બીપોરજોય આવી ગયું.બીચારા આવું તોફાની બોલવા ઈચ્છે છેપણ હિટલરાણીના ખોફથી બોલવાનું બાજુ પર રહ્યું પણ બગાસુ ખાવા માટે પૂર્વ પરવાનગી મેળવ્યા વિના મોં સુધ્ધાં ખોલી શકતા નથી તેવા બહાદુર બંકા છે!!) હોય કે ન હોય જીવનમાં તડકી છાંયડી તો આવે જ છે!! સુખ અને દુખમાં સમતા રાખવી.સુખદુખ સાશ્વત નથી.સમય આવે ત્યારે યથામતિ યથોચિત ગતિ કરે છે!!'' મે આસ્થા કે સત્સંગ ચેનલ પર મહાત્મા મનનીય પ્રવચન કરે તેવું અધ્યાત્મથી લથપથ પ્રવચન ફટકારી દીધું!!આમ, કરવાથી મનમાં આવેલો ઉભરાકે આફરાનું શમન કે વિરેચન થાય છે.મન માનસ સરોવર જેવું શાંત રહે છે!!

" ગિરધરભાઇ.ગુરૂ પૂર્ણિમાનો હેંગ ઓવર ઉતર્યો નથી કે શું?? જમીન પર આવો.સંમોહનમાંથી બહાર આવો.તમે જે કથનોના કોગળા કર્યા એવું કાંઇ નથી!! " રાજુએ નારાજગી ભરેલ અવાજે અસરકારક રીતે અણગમો વ્યક્ત કર્યો!!

" કાજુ.તું હંમેશા તારા રોદણા રોતો હોય છે. વીસ વરસથી લગ્ન માટે છોકરી જુવે છે, આજે પચાસ વરસે તારી શોધ જારી છે!! એટલે મેં કયા કોઇ ખોટું કહ્યું કે તું ખાટો થાય છે??'' મેં રાજુને લમધાર્યો !!!

"ગિરધરભાઇ.આપણે અંદરોંઅંદર કપિરાજની જેમ લડ્યા કર્યા તેમાં બિલાડી એટલે કે નારીઓ ફાવી ગઇ!! આપણો પુરુષોનો દૂધમાંથી માખી કાઢે તેમ આપણો સમાજમાંથી કાંકરો કાઢી નાંખ્યો .'' રાજુ મૂળ મુદા પર આવ્યો.

" યુ મિન કે આપણે વિકટીમાઇઝડ થઇ રહ્યા છીંએ?? રાજુ, તારી વાત મુદાની છે.આપણો સમાજ મેલ ડોમિનેટેડ કહેવાય છે.પુરૂષ જન્ન લેતાની સાથે મા નામની મહિલા દ્વારા સંચાલિત થાય. બહેન ,કાકી, મામી, ફઇ , દાદીના નિયંત્રણમાં રહેવાનું.લગ્ન થાય ત્યારે પત્નીના ચાવી દીધેલા રમકડા તરીકે પડમાં રમવાનું!પત્ની દ્વારા પ્રતાડિત થવાનું. પછી પુત્રવધૂ પાય એટલું પાણી પીવાનું!! આમાં પુરૂષ તરીકે આપણા આધિપત્યના નામે કંકોડા?? પુરૂષ પત્ની પર ત્રાસ ગુજારે તો ડોમેસ્ચ્ક વાયોલન્સ એકટની કલમ હેઠળ કેસ નોંધાય. પરંતુ, પત્ની પતિની પ્રતાડના કરે તો પુરૂષને કયા કાયદા હેઠળ રક્ષણ મળે??'' મેં રાજુને પુરુષોની વ્યથાકથા શેર કરી!!

" ગિરધરભાઇ. સરકારી દફતરો કે કંપનીઓમાં વર્કિંગ વુમનની જાતીય સતામણી અટકાવવા અને પગલા લેવા માટે મહિલા જાતીય સતામણી સમિતિ છે,જે કસૂરવારને નોકરીમાંથી હાંકી કાઢે.મહિલા માટે લેડીઝ રૂમ પણ હોય છે. પુરૂષ માટે શું? બાબાજી કા ઠુલ્લું ? કંકોડા?? મહિલા કર્મચારી મીઠું મીઠું બોલીને તેનું કામ પણ પુરૂષ સહકર્મી પાસે કરાવે,ઈવન લીલા વટાણા પણ ફોલાવે .પુરૂષ સહકર્મીની ગાડીમાં કાયમ લિફ્ટ લે!! હોટલ સિનેમામાં જાય.લંચ-ડિનરકરે! માંગીને મોંઘી ગિફટ લે!!મહિલાની સંમતિ હોય ત્યાં સુધી પોષણ અને અસંમતિ હોય એટલે મહિલા શોષણ?? એ ક્યાંનો ન્યાય?? પુરુષોની છેડછાડ કરતી વર્કિંગ મહિલાની હરકતો સામે પુરુષોને રક્ષણ આપવા માટે પુરૂષ જાતીય સતામણી સમિતિ કાર્યરત ન કરવી જોઇએ? પુરુષોને ટોળટપ્પા કરવા લેડીઝ રૂમની જેમ જેન્ટસ રૂમની સગવડ આપવી ન જોઇએ??'' રાજુએ સળગતી સમસ્યા શેર કરી!!

" ગિરધરભાઇ. મહિલા પાસે ગામ આખાને વીંટાળીએ તો પણ એક ફૂટ વધે તેવી પ્રલંબ જિહ્વા છે.જેની સહાયથી દુર્યોધન કે યુધિષ્ઠિર જેવાને સાબુ પાવડર વિના ધોઇ નાંખે છે!! બીજું હથિયાર આંસુ છે. બેનોના કપાળમા કૂવો કે તળાવ હોય છે.ગમે ત્યારે ગમે તેટલી વાર આંસુ વહેડાવીને પાષાણ હદયની વ્યકિતને મીણ જેવો પ્રવાહી બનાવી દે છે! પુરૂષ તો બાપડો રાવે તો બાયલો કહેવાય. અંદર ડૂમો બાજેલો હોય.એકાદ દિવસ હાર્ટ એટેકનો ફટાકડો ફૂટે અને તેના ફોટા પર સુખડનો હાર લાગી જાય!!'' રાજુએ મહત્વની વાત કરી.

" રાજુ.આ દેશમાં પતિ દ્વારા પિડીત પત્ની સામે પત્ની પિડીત ગોરધનોની સંખ્યા વધારે છે.આવું કબૂલ કરવામાં મર્દાનગીનું અપમાન હોવાથી ચૂપચાપ સહન કરે છે. પતિની સમસ્યા ઉકેલવા માટે મહિલા આયોગની રચના કરવાની માંગ પ્રબળ થઇ છે!! સરકાર જાતજાતના આયોગની રચના કરે છે.કાનૂન આયોગ,વહીવટી સુધારણા આયોગ, કેન્દ્રીય જાહેર સેવા આયોગ, કાયદા આયોગ,જલ આયોગ, કેન્દ્રીય ચૂંટણી આયોગ,માનવાધિકાર આયોગ,અનુસૂચિત આયોગ,અનુસૂચિત જનજાતિ આયોગ,બિન પછાત આયોગ,ગૌ સેવા આયોગ,તકેદારી આયોગ,વીજળી આયોગ.બાપ રે!! આ યાદી ટોકન યાદી છે!! પુરૂષ આયોગની રચના ભલે ન કરવામાં આવે પણ થર્ડ જેન્ડર આયોગની રચના થયેલ છે.પુરૂષ આયોગની રચના કરવામાં સરકારનું પુરુષાતનની જેમ સરકારતન ઘવાતું હશે??'' મે રાજુને પુરુષોને તમાચો- અન્યાય જેવા ચૂંટણી પ્રચારની સ્ટાઇલથી જાગૃત કરવાની કોશિશ કરી.

" ગિરધરભાઇ.મહિલાઓને મહિલા નડે છે તેમ પુરૂષોને પુરૂષો નડે છે.હમણા મોટી અદાલતે સમલૈંગિક લગ્નને માન્યયતા ન આપીને રૂઢિચુસ્ત હોવાનો સંકેત આપ્યો.પુરુષોની અવદશાનો હવાલો આપીને ૪૨ % પુરૂષોએ કૌટુંબિક-ઘરેલું સમસ્યાને લીધે આત્મહત્યા કરી છે.એક, બે,ત્રણ નહીં પણલગભગ ઓગણીસ હજાર ગોરધનોએ તેમની પત્નીઓને ગંગાસ્વરૂપ કરી છે.નોધાય્લ કરતા ન નોંધાયેલ કિસ્સાઓની સંખ્યા ઘણી હોઇ શકે.મહેશ તિવારી નામના રિયલ મર્દે પુરૂષ આયોગ નામની ભાગીરથીનું અવતરણ કરવા પિટિશન ફાઇલ કરેલ.આ પિટિશનનો પુરૂષ જજોની બનેલી બેંન્ચે સુનાવણી જ કરવાનો જ ઈન્કાર કરી પુરૂષ વિરોધી માનસિકતાનો પરિચય આપ્યો.મહિલા જજોએ નિર્ણય કરેલ હોય તો તેમનું જેન્ડર બાયસપણું સમજાય. પણ હમી કો લૂંટ લીયા મિલકે અપનેનાલોને ગોરેગોરે શર્ટોને કાલેકાલે કોટોને જેવો ઘાટ થયો.'' રાજુએ નિસાસો નાંખીને કહ્યું!!!

" રાજુ.સરકાર મણિપુર હિંસામાં અસરકારક હસ્તક્ષેપ કરે કે ન કરે.પણ સરકારે પુરૂષ આયોગ મામલે દરમિયાનગીરી કરવી જોઇએ.સરકારે શાહબાનો કેસમાં કોર્ટે આપેલ ચૂકાદો ઉલટાવ્યો હતો. સરકાર પુરુષોની વોટબેક સાચવવા એકાદું પુરૂષ આયોગ બનાવે તો શૂં લૂંટાઇ જવાનું છે?? સરકારે એક પુરૂષ આયોગની રચના કરીને તેમાં અધ્યક્ષ,સભ્ય,સીઇઓ તરીકે પુરૂષોને સ્થાને મહિલાઓની નિમણૂક કરીને માસ્ટર સ્ટ્રોક મારવો જોઇએ!!'' મેંચાણક્ય ચાલ રજૂ કરી!!રા રદી માથું ખંજવાળતો રહ્યો મારી વાત પલ્લે પડી નહીં. તમને મારી વાત સમજાઈ ???આઇ હોપ સો!! કારણ કે તમે ઈન્ટેલિજન્ટ લેખકના સુપર ઈન્ટેલેકચુઅલ રીડર્સ છો!! યેહ હુઈ ના બાત!!

ભરત વૈષ્ણવ

## વજેપર, વાગડઃસરપંચનાં પુત્ર નાં અકાળે અવસાનથી ઘેરો શોક છવાયો

★રમેશ ગોસ્વામી "સારથિ"★

કચ્છ,વાગડ નાં વજેપર ગામ નાં છેલ્લા પંદર વર્ષ થી નિર્વિવાદ, બિનહરીફ સરપંચ પદે સેવા આપી રહેલા વાગડ ના નેતા શ્રી વસંત મહેશ્વરી સાહેબ નાં પુત્ર જીતકુમાર મહેશ્વરી નાં અકાળે અવસાન થી ગ્રામ, સમાજ તથા વિસ્તાર માં ઘેરા શોક ની લાગણી છવાઈ હતી.યુવાન જીતકુમાર નું ટુંકી માંદગી માં નાની ઉંમરે નિધન થયું હતું.

બે દાયકા થી વધુ સમય થી વિસ્તાર માં જન સેવા માટે જાણીતા પીઢ નેતા શ્રી વસંત મહેશ્વરી અનેકવિધ માનવ સેવા, ધર્મ સેવા નાં કામો કરી રહ્યા છે.એમના પુત્ર જીત નાં નિધન થી પરિવાર માં ક્યારેય ન પૂરાય એવી ખોટ પડી ગઈ છે.અકાળે અવસાન થી ગામ માં ગમગીની છવાઈ ગઈ હતી. સ્મશાન યાત્રા માં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાતથા સદગત નાં દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના કરી હતી.

# અમેરિકન ડોલરને ખાનગી અને ખુલ્લી ચેલેન્જ !!!

અમે હરગિજ ડરપોક નથી. અમે અફવા કે હકીકતથી ડરતાં નથી અને મરી ગયા રે ની મરણપોક મુક્તા નથી.ડોલરનો જ દાખલો લઇ લો. શ્રીમંત પરિવારના બગડેલા નબીરાની જેમ ડોલર સૌને પરેશાન કરે છે. પરંતું, અમે ડોલરની હલચલ કે ચાલચલગતથી ડરતાં નથી. કયોંકિ ડરના મના હૈ!! ડોલર તળિયા વિનાના લોટાની જેમ ગબડતો જાય છે. તેના મૂલ્યમાં ગોબા પડે છે. અલબત, અમે મિંયા ફૂસ્કી કે તભા ભટ જેવા ડરપોક નથી.એમ અમે બહાદુર બંકા પણ નથી, શું સમજયા? ડોલરે પંચોતેરની સપાટી વટાવી એટલે દિલમાં ફાળ પડેલી. માનો કે સારા ઘરની યુવતી ઘર છોડીને પલાયન ન થઇ હોય!!!

આજકાલ કોઇને સ્થગિતતા કે બંધિયારપણું ગમતું નથી. પેટ્રોલે મનચલીની જેમ સો રૂપિયાની મેજીક સપાટીને ટચ કરેલ. અમે તેને ઠપકો સુધ્ધા આપી શકેલા નહી. પેટ્રોલને પગલે ડીઝલબાઇ તેને પગલે ચાલી. આપણે સાક્ષીભાવ કેળવવા સિવાય શું કરી શકીએ?? સિંગતેલ જેવા સિંગતેલ્ ત્રણ હજારના મેજીક ફિગરને સ્પર્શ કર્યો તેને ઐતિહાસિક કહેવા સિવાય શું કરી શકીએ?? પરોઠા પર ૧૮ % જીએસટી લાગે એટલે પરોઠા ન ખાવાના પારોઠના પગલાં ભરી શકાય?? કદાપિ નહી. કેમ કે, અમે ડરપોક નથી.

એક ચલણ સામે બીજું ચલણ ગબડે તેના અનેક કારણો હોય છે! એનું સાચું મૂલ્યાંકન-આકલન કરવાની પહેલ કરવી પડશે. એક ડોલરના ત્યાંશી રૂપિયા થયા એટલે રૂપિયો ગબડ્યો બબડ્યો નથી. અપિતું, ડોલર રૂપિયા સામે મજબુત થયો છે!! કેટલું પોઝિટિવ વિશ્લેષણ !!! આવું વિશ્લેષણ સમજદારી વિના સંભવિત નથી કે શક્ય નથી. આપણો રૂપિયો રેસલિંગની રીગમાં બોર્નવિટા કે પ્રોટિનેક્સ પહેરીને લડી રહ્યો છે. રૂપિયો પિટાતો નથી, પણ ડોલર તેને પિટે છે. આમ, કહેવાથી ફૂલણજી ડોલર ફૂલાઇ જશે અને એક દિવસ આપણો રૂપિયો એવો દાવ ખેલશે ત્યાંશી ડોલર બરાબર એક રૂપિયો થશે. ચાલો, મુંગેરીલાલ કે શેખચલ્લીની માફક ઈસ્ટમેન કલરમાં સિનેમાસ્કોપ સપના જોવા માંડો!!! હમ હોંગે કામિયાબ એક દિન. મન મેં હૈ વિશ્વાસ હમ હોંગે કામિયાબ એક દિન!!અત્યાર સુધી ડોલર કાચબાની માફક અંગો સંકોડીને શાંતિથી બેઠો હતો. આઝાદી સમયે એક ડોલરનો વિનિમય દર એક રૂપિયો હતો. આપણે ડોલરનું ઉત્થાન કરવાની યોજના કાર્યાન્વિત કરી છે.હવે ડોલરે અજગરની માફક ફૂંફાડો માર્યો છે રૂપિયા સામે ૬૫-૬૬ સામે શેરબજારના બુલિયન જેમ હવે ઊંચકાયો છે!! હવે ૮૩ની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યો છે. અમેરિકન ડોલર સામે રૂપિયો સાબુ, સોડા, પાવડર, પાણી વિના વગર ધોકાએ ધોબીપછાડ ધોવાયો છે. આઝાદી સમયે એક ડોલર બરાબર એક રૂપિયો હતો. આજે રૂપિયો હિન્દી ફિલ્મના વિલનના જેમ અમેરિકન ડોલર જેવા હીરોના હાથે ધોવાઈનેત્યાંશીની સપાટીએ પહોંચી ગયો!!!

કેટલાક લોકો કાગડા જેવા હોય છે.એમને દેડકાને પરેશાન કરવામાં મજા આવે છે. પછી છોને દેડકાનો જીવ જાય.!! એક ડોલરના પંચોતેર, છોંતેર , સિતોતેર, અઠ્ઠોતેર , ઓગણ્યા એંશી, એંશી, એક્યાશી , બ્યાંશી અને ત્યાશી રૂપિયા થયા તેમાં તેમના દિલના ધબકારા વધી ગયા. ઈસીજીમાં ઉછાળ આવ્યો. થર્મોમિટરનો પારો થર્મોમીટર તોડીને બહાર આવી જશે તેવું લાગ્યું!! એ સમયે પણ થનગનભૂષણો આપણે કરેલ નિકાસના વધુ રૂપિયા મળશે તેન કેલકયુલેટરમાં ગણ્યા વિના કહેવા લાગ્યા!! આપણા એનઆરઆઇ ભારતમાં વધુ રૂપિયા મોકલાવશે એટલે ભારતની ચાંદી હી ચાંદી થઇ જશે. સબ હાલ ચંગા થઇ જશે તેવું ગાઇ વગાડીને કહે છે!! આપણે આયાત માટે વધુ રૂપિયા ચુકવવા પડશે તેવું છુપાવીને રાષ્ટ્રપ્રેમ દર્શાવી રહ્યા છે, રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે!! સ્વદેશી રૂપિયો ડોલર સામે ગબડે છે, સોરી ડોલર મજબુત થાય છે તો અમારા પેટનું પાણી હલતું નથી, કેમ કે, સુલભ શૌચાલયના ઉપયોગ માટે ડોલરમાં નહીં પણ રૂપિયામાં ચુકવણી કરવાની છે.વનિતા દાતણવાળી પાસેથી ડોલર આપીને નહીં પણ રૂપિયા આપીને દાતણ ખરીદ કરવાના છે!!!વિક્રમ વસંત ૨૦૭૯નો હજુ હમણા પ્રારંભ થયો છે. ચારેબાજુ અમૃતકાળની ગૌરવવંતી ઉજવણી છે. મંગળ મંગળ મંગળ છે. છતાં કોચું બોલનારા વાતાવરણ બગાડે છે. લોકોને દિલ્હીના પ્રદૂષણની ચિંતા છે!પણ આવા પ્રદૂષણિયા વિદૂષકની ચિંતા નથી.આગામી વરસે ડોલર રૂપિયા સામે ૮૬.૭૦ રૂપિયા થઇને મજબુત થશે તેવી આગાહી કરી રહ્યા છે!! કવિ હરિન્દ્ર દવે એક કવિતામાં કહે છે કે મારાય ડાળખીમાં પાંદડા નથી ,મને પાનખરની બીક ન બતાવો. આપણે ત્યાં મડા-મૃતદેહ પર વીજળી પડે તો મૃતદેહને તસુભાર નુકસાન થયું નથી તેમ કહેવાય છે. ભાવવધારાની એટલી વીજળી આપણા પર ત્રાટકી છે કે વીજળી પણ આપણું કશું બગાડી શકતી નથી . ડોલરને અમારી ખાનગી અને ખુલ્લી ચેલેન્જ છે કે એકવાર એક ડોલર બરાબર સો રૂપિયા થવા દે પછી અમારા ભાયડાનો જપાટો જોજે! તું એક સો એકના આંકડાને અડી શકે તો મને ફટ કહેજે!!

ભરત વૈષ્ણવ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 0092**
પ્રકાર :- પદ્ય
વિષય :- શરદ પૂનમ
શિર્ષક :- સોળે કળાએ ખીલ્યો શશિ

શરદની રાતો રઢિયાળી,
મા ધરણીએ ઉતરી ગરબે ઘૂમે રૂપાળી.
એમાંય પૂનમની રાતની વાત જ નિરાળી,
ચંદ્રની સોળે કળાઓ નિખરે નખરાળી.

ભુલાવે સાન - ભાન યુવા હૈયાને,
સાગરને પણ ચકરાવે જાણે ભરયૌવને નાર રૂપાળી.
શાયરોની કલમેથી સ્ફુરે એની પ્રશંસા,
જાણે ચકોરના મુખની પ્રેમ સરવાણી.

ગીત, સંગીતને રાસની રમઝટ જામે,
જાણે કાન્હા સંગે રમે રાધા રાણી.
દરેક નારીમાં રૂપ ગોપીનું દેખાયે,
નર ભાસે સહું જાણે સારંગપાણી.

દૂધ સી ધવલ ચાંદનીમાં,
જડ, ચૈતન્ય દૂધ સા શ્વેત ભાસે.
પ્રસરે શાંતિ ધરા ને આકાશે,
પ્રણયની સુગંધ ભળી જાતી દરેક શ્વાસે.

પ્રેમ, ઉન્માદ ને માદકતા લૂંટાવે છે શરદપૂનમ,
ભક્તિ ને શ્રદ્ધાનો રંગ પણ રહે છે અણનમ.
આટલો રૂપાળો ચંદ્ર બીજો નહિ એના સમ,
મન ચાહે એના કિરણોનું પાન એની કસમ.

ચાહું કે દરેક પૂનમ, શરદ પૂનમ જેવી હોય,
ચંદ્ર ને ધરતીની વચ્ચે ના આવે બીજું કોઈ.
ધવલ પ્રકાશ સહુના તન, મનને રોશન કરે,
શાંતિ ને પ્રેમ સહુના હૈયામાં ટાઢક ભરે.

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર...૩૦/૧૦/૨૩.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
પ્રકાર - પદ્ય
વિષય - શરદ પૂનમ
શબ્દો -
કવિયત્રી - રાગીની શુક્લ "રાગ"
મુંબઈ
.......................................
ઋતુ કલ્પ એટલે..?
પ્રેમની મોસમ બારેમાસ ...!
વાત કરું શરદઋતુની પ્રથમ...! કન્યાનો સૂર્ય થાય..!

પડઘમ નગારા વાગે ..!
ને શરદ નો પ્રારંભ થાય..! મહિષાસુર ને માર્યો ,
રાવણનો સંહાર કર્યો ..!
માં તમે પધાર્યા ...!

આવી રૂડી અજવાળી પૂનમની રાત..!
રસિયા રમે રાસ ,દૂધ પૌવા ખાય...!
ને તહેવારોની બઔચ્છ લાવી..!
ને દિન ટૂંકો અને રાત લાંબી..!

શીતકાળનો આરંભ ...!
ઋતુઓની રાજકુમારી...!
દિવસો મનોરમ પ્યારા...!
શરદઋતુમાં શરદપૂર્ણિમા પણ આવે ...!

વર્ષ માં એક વાર પૂર્ણ ચંદ્ર ખીલે...!
ચંદ્રની ચાંદની માણવા મળે...!
એટલે રોમાન્સની પરાકાષ્ઠા...!
ને તહેવારોની બઔચ્છ લાવી..!

વડીલો કહે ...!
શતમ જીવમ શરદ ..!
૧૦૦ શરદઋતુ સુધી જીવો..!

રાગીની શુક્લ" રાગ"
મુંબઈ.

# એમસીએક્સ પર ગોલ્ડ-ગિનીના વાયદાના ભાવમાં રૂ.૫૦૩ અને ચાંદીના વાયદામાં રૂ.૧,૨૧૩નો ઉછાળો

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર સોમવારે આ લખાઈ રહ્યું છે ત્યારે વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૧,૩૪૩.૫૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. ગોલ્ડ-ગિનીનો ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૮,૯૯૬ના ભાવે ખૂલી, આ લખાઈ રહ્યું છે ત્યારે રૂ.૫૦૩ના ઉછાળા સાથે રૂ.૪૯,૪૯૯ બોલાઈ રહ્યો હતો. સોનું ડિસેમ્બર વાયદો રૂ.૮૪ વધી રૂ.૬૧,૨૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીનો ડિસેમ્બર વાયદો રૂ.૭૧,૮૩૯ના ભાવે ખૂલી, રૂ.૧,૨૧૩ના ઉછાળા સાથે રૂ.૭૨,૯૩૦ બોલાયો હતો. આ સામે ક્રૂડ તેલનો નવેમ્બર વાયદો રૂ.૧૨૫ ઘટી રૂ.૭,૦૦૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન-ખાંડીનો નવેમ્બર વાયદો ખાંડીદીઠ રૂ.૩૨૦ ઘટી રૂ.૫૮,૭૦૦ બોલાયો હતો.

શુક્રવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧૧,૫૯,૬૧૯ સોદાઓમાં કુલ રૂ.૧,૦૬,૩૧૭.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૨૦,૬૧૦.૨૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૮૫૬૮૭.૫૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૬૫,૨૮૮ સોદાઓમાં રૂ.૧૨,૨૧૪.૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૯૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૨૬૮ અને નીચામાં રૂ.૬૦,૬૯૩ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૦૪ વધી રૂ.૬૧,૧૫૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૪ વધી રૂ.૪૮,૯૯૬ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૦ વધી રૂ.૬,૦૨૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૭ વધી રૂ.૬૦,૯૫૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૭૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૯૦૦ અને નીચામાં રૂ.૭૧,૨૮૪ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૩૭ વધી રૂ.૭૧,૭૧૭ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૧૬ વધી રૂ.૭૧,૭૬૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૦૮ વધી રૂ.૭૧,૭૬૯ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૩૪૨ સોદાઓમાં રૂ.૧,૫૯૫.૧૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૬૯૬ના ભાવે ખૂલી, રૂ.૫.૧૫ વધી રૂ.૬૯૯.૫૦ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૨૦૪.૭૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૦ વધી રૂ.૨૨૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૫ વધી રૂ.૨૦૫.૬૦ સીસુ-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૬.૦૫ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૦.૯૦ વધી રૂ.૨૨૦.૯૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૧,૪૯,૦૧૮ સોદાઓમાં રૂ.૬,૭૯૧.૭૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૦૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૫૪ અને નીચામાં રૂ.૬,૯૩૨ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૮૩ વધી રૂ.૭,૧૨૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૭૪ વધી રૂ.૭,૧૨૩ બંધ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૯૩ના ભાવે ખૂલી, રૂ.૩.૯૦ વધી રૂ.૨૯૫.૪૦ અને નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો ૩.૯ વધી ૨૯૫.૫ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૮.૪૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૧૦૦ અને નીચામાં રૂ.૫૯,૦૦૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૦૦ વધી રૂ.૫૯,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૩૦ વધી રૂ.૯૦૭.૮૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૨૬૮.૦૭ કરોડનાં ૮,૬૪૭.૦૬૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬,૯૪૬.૮૩ કરોડનાં ૯૬૮.૧૫૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨,૬૪૬.૧૩ કરોડનાં ૩૭,૬૧,૭૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪,૧૪૫.૬૩ કરોડનાં ૧૩,૮૬,૫૬,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૮૩.૯૮ કરોડનાં ૮,૯૮૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૩.૪૯ કરોડનાં ૨,૩૪૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧,૧૦૭.૩૨ કરોડનાં ૧૫,૭૦૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૬૦.૩૨ કરોડનાં ૧૧,૭૫૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૪૨ કરોડનાં ૨૪૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૭.૦૭ કરોડનાં ૭૬.૬૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર બંને સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૮૭૩.૩૪૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૨૫.૪૮૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૯,૯૯૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૭૨૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૬૬૭ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૧,૭૯૬ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૪,૮૪,૦૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૨,૩૫,૨૦,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૬,૨૪૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૦૧.૯૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૯.૮૫ કરોડનાં ૨૪૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૦૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૫,૯૮૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૫૦ અને નીચામાં ૧૫,૯૫૮ બોલાઈ, ૯૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૭ પોઈન્ટ વધી ૧૬,૦૩૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૮૫૬૮૭.૫૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૭૩૩.૩૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૬૪૬.૦૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૦૫૯૫.૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૯૬૮૫.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૪.૨૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૧૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦૮ અને નીચામાં રૂ.૨૦૪.૯૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૭૬.૫૦ વધી રૂ.૨૯૫.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬.૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૨૨.૩૫ અને નીચામાં

આભાર - નિહારીકા રવિયા રૂ.૧૫.૯૫ રહી, અંતે રૂ.૧.૭૫ વધી રૂ.૧૬.૮૦ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૦૦ અને નીચામાં રૂ.૬૦૬ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૬૭.૫૦ વધી રૂ.૭૪૪ થયો હતો, જ્યારે સોનું-મિની નવેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧૪ ખૂલી, ઊપરમાં રૂ.૭૮૦ અને નીચામાં રૂ.૬૩૦ રહી, અંતે રૂ.૬૩ વધી રૂ.૭૪૯ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૮૦ના ભાવે ખૂલી, રૂ.૫૧ વધી રૂ.૧,૫૫૯ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૮૫ના ભાવે ખૂલી, રૂ.૫૬ વધી રૂ.૧,૫૮૮ થયો હતો. તાંબુ નવેમ્બર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૦૬ વધી રૂ.૧૪.૦૯ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૭૬.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦૫ અને નીચામાં રૂ.૧૯૪.૭૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૮૬.૭૦ ઘટી રૂ.૨૨૨.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૨.૫૫ અને નીચામાં રૂ.૧૮.૭૦ રહી, અંતે રૂ.૧.૮૫ ઘટી રૂ.૨૧.૪૦ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૧૬ અને નીચામાં રૂ.૨૬૬ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૭૩ ઘટી રૂ.૨૯૧ થયો હતો, જ્યારે સોનું-મિની નવેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૫ અને નીચામાં રૂ.૨૮૮ રહી, અંતે રૂ.૭૯.૫૦ ઘટી રૂ.૩૦૩ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૯૫.૫૦ના ભાવે ખૂલી, રૂ.૬૬ ઘટી રૂ.૧,૩૨૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૯૮ના ભાવે ખૂલી, રૂ.૮૦ ઘટી રૂ.૧,૩૦૭ થયો હતો. તાંબુ નવેમ્બર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૨.૬૫ ઘટી રૂ.૫.૩૦ થયો હતો.

**ભક્તિભાવનો મહાકુંભ ૭૬મો આંતરરાષ્ટ્રિય નિરંકારી સંત સમાગમ**

# ઈશ્વર પ્રત્યે સમર્પિત મન જ માનવતાની સાચી સેવા કરી શકે છે. : નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ

હરીયાણાના સમાલખા સ્થિત સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ ખાતે આયોજીત ૭૬મા વાર્ષિક નિરંકારી સંત સમાગમના બીજા દિવસે પોતાના વિચારો વ્યક્ત કરતાં નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે કહ્યું હતુ કે ઈશ્વરના પ્રત્યે સમર્પિત મન જ માનવતાની સાચી સેવા કરી શકે છે અને એક યોગ્ય મનુષ્ય બનીને સમગ્ર વિશ્વના માટે કલ્યાણકારી જીવન જીવી શકે છે.ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રિય નિરંકારી સંત સમાગમમાં દેશ-વિદેશથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો અને પ્રભુ પ્રેમી સજજનો સમ્મિલિત થઈને આ પાવન અવસરનો આનંદ લઈ રહ્યા છે.શ્રદ્ધાળુઓમાં સમાજના વિભિન્ન વર્ગોના લોકોનો સમાવેશ થયો હોવાથી અનેકતામાં એકતાનું સુંદર દ્રશ્ય જોવા મળી રહ્યું હતું.સદગુરૂ માતાજીએ કહ્યું હતુ કે જીવનમાં સેવા અને સમર્પણનો ભાવ અપનાવવાથી જ શાંતિ પ્રાપ્ત થાય છે.સંસારમાં જ્યારે મનુષ્ય કોઈ વ્યવસાય સાથે જોડાયેલો હોય છે ત્યારે ત્યાંનું સમર્પણ કોઈ ભય કે અન્ય કારણથી થાય છે જેના લીધે શાંતિ પ્રાપ્ત થતી નથી.ભક્તના જીવનમાં વાસ્તવિક સમર્પણ તો પ્રેમાભાવથી પોતાને અર્પણ કરીને પરમાત્માના બનીને જ થઈ શકે છે.વાસ્તવિક રૂપમાં આવું સમર્પણ જ ધન્યવાદને યોગ્ય હોય છે.કોઈ વસ્તુ વિશેષ,માન-સન્માન કે પદ-પ્રતિષ્ઠા અને પૈસામાં જ્યારે અમારી આસક્તિ થઈ જાય છે ત્યારે અમારી અંદર સમર્પણનો ભાવ આવી શકતો નથી.અમે અનાસક્તિની ભાવનાને ધારણ કરીશું ત્યારે જ અમારી અંદર પૂર્ણ સમર્પણનો ભાવ ઉત્પન્ન થશે.એક પ્રભુ પરમાત્માને જાણીને તેમની સાથે સબંધ જોડવાથી જ આત્માને પોતાના વાસ્તવિક સ્વરૂપનો બોધ થાય છે જેનાથી ફક્ત વસ્તુ વિશેષ જ નહી પરંતુ પોતાના શરીરના પ્રત્યે પણ અનાસક્તભાવ આવી જાય છે.અંતમાં સદગુરૂ માતાજીએ કહ્યું કે અમે જ્યારે આ કાયમ-દાયમ રહેનાર નિરાકાર પ્રભુ પરમાત્માની ઓળખાણ કરીને તેમના પ્રેમાભાવમાં રહીશું,તેમની હરપલ અનુભૂતિ કરીશું ત્યારે જ અમારા જીવનમાં આનંદ,શાંતિ અને આંતરિક શાંતિ નિરંતર બનેલી રહેશે. સત્સંગ સેવા સુમિરણ ભક્તિનો શ્રૃંગાર છે.જ્યારે અમે તેનો આધાર લઈએ છીએ ત્યારે અમારી ભક્તિ પૂર્ણ થાય છે.બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિ પછી જ



સદગુણો સ્વયં અમારા જીવનમાં આવી જાય છે તેના માટે કોઈ વિશેષ પ્રયાસ કરવો પડતો નથી.જ્ઞાન પછી સેવા-સુમિરણ અને સત્સંગ એક અભ્યાસ છે જેના દ્વારા મનનો સબંધ નિરાકાર પ્રભુ પરમાત્મા સાથે જોડાયેલો રહે છે અને પછી અમે દરેક પરિસ્થિતિમાં એક આદર્શ માનવના રૂપમાં પ્રસ્તુત થઈ શકીશું.સંત સમાગમના બીજા દિવસની શરૂઆત એક આકર્ષક સેવાદલ-રૈલી દ્વારા થઈ હતી.આ રૈલીમાં સમગ્ર ભારતવર્ષ તથા દૂર દેશોથી આવેલા હજારો સેવાદળના સ્વંયસેવક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. ભારતવર્ષના પુરૂષ સ્વંયસેવકોએ ખાખી તથા બહેનોએ વાદળી વર્દી પહેરીને તથા વિદેશોથી આવેલ સેવાદલ સદસ્યોએ પોતપોતાની નિર્ધારિત વર્દીઓમાં સુસજ્જિત થઈને ભાગ લીધો હતો.દિવ્ય યુગલના પાવન સાનિધ્યમાં આયોજીત સેવાદળ-રૈલીમાં સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજે શાંતિના પ્રતિકરૂપમાં મિશનના ધ્વજને ફરકાવ્યો હતો.આ રૈલીમાં સેવાદલ દ્વારા વ્યાયામનું પ્રદર્શન કરીને મિશનની શિક્ષાઓ ઉપર આધારીત લઘુનાટિકાઓ દ્વારા સેવાના વિવિધ આયામોને ઘણા જ રોચક ઢંગથી પ્રસ્તુત કર્યા હતા.આ સિવાય સેવાદલના નવયુવાનો દ્વારા વિભિન્ન માનવીય આકૃતિઓની કરામત પ્રસ્તુત કરી હતી તથા ખેલ-કૂદના માધ્યમથી સેવા પ્રત્યેની સજાગતા તથા જાગરૂકતાનું મહત્વ દર્શાવ્યું હતું.અંતમાં બેન્ડની ધૂન ઉપર સેવાદલના સદસ્યોએ પોતાના સદગુરૂની સામે પ્રણામ કરીને હૃદયસમ્રાટ સદગુરૂના પ્રત્યે સન્માન પ્રગટ કર્યું હતું.

સેવાદલની રૈલીને સંબોધન કરતાં સદગુરૂ માતાજીએ કહ્યું હતુ કે સમર્પિત ભાવથી કરવામાં આવતી સેવાનો જ સ્વીકાર થાય છે.જ્યાં પણ સેવાની આવશ્યકતા હોય તે અનુસાર સેવાનો ભાવ મનમાં ધારણ કરીને અમે સેવા કરીએ તે જ સાચી ભાવનાવાળી મહાન સેવા કહેવાય છે.જો અમોને કોઈપણ જગ્યાએ સતત એક જેવી જ સેવા કરવાનો અવસર મળી જાય તો અમારે ફક્ત તેને એક ઔપચારિકતા ના સમજતાં પુરી લગનથી સેવા કરવી જોઈએ કારણ કે જો અમે સેવાને સેવાભાવથી કરીશું તો સ્થાનનું વિશેષ મહત્વ રહેતું નથી.જ્યારે અમે આવી સેવા કરીશું તો તેમાં નિશ્ચિતરૂપથી માનવ-કલ્યાણનો ભાવ સમાહિત રહેશે.માનવમાત્રની સેવા એ જ ઈશ્વરની પૂજા છે.માનવતા એ જ સાચો ધર્મ છે.સેવાદાર હંમેશાં સેવાનો અવસર શોધતા હોય છે.સેવાદાર અવસરવાદી હોય છે.સેવાભાવ સેવાદારનો સ્વભાવ હોય છે.અમારે દરેક ક્ષણ સેવાદાર બનીને રહેવાનું છે.

## ચાણસ્મા ના રણાસણ ગામના મહિલા સરપંચ ના પતિ નું હાર્ટ એટેક થી મોત

ચાણસ્મા તાલુકાના રણાસણ ગામના મહિલા સરપંચના પતિનું હાર્ટ એટેકના હુમલા થી મોત થતાં સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી હતી. સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું. ત્યારે વાયુ વેગે મોતના સમાચાર પ્રસરતાં સરપંચ આલમ માં તેમજ રાજકીય આલમમાં પણ શોકની લાગણી છવાઈ ગઈ હતી.

ગુજરાત રાજ્યમાં હાર્ટ એટેકના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે ત્યારે વધુ એક હાર્ટ એટેકનો બનાવ ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે બનવા પામ્યો હતો. જેમાં રણાસણ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે સેવા આપી રહેલા મહિલા સરપંચના પતિ કાનજીભાઈ ડાયાભાઈ ઉંમર વર્ષ ૫૮ ને હાર્ટ એટેકના હુમલા થી કમ કમાટી ભર્યું મોત નિપજયું હતું. જેમાં મહિલા સરપંચના પતિ પોતાની દીકરીના ત્યાં સિદ્ધપુર તાલુકાના નેદરા ગામે બેસણા ના પ્રસંગે ગયા હતા. ત્યાં અચાનક છાતીમાં દુઃખાવો થતાં સારવાર અર્થે સિદ્ધપુર ખાતે લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યું હતું. જેની જાણ થતાં પરિવારજનો તેમજ રણાસણ ગ્રામજનોમાં થતા શોકનું મોજું ફરી વળ્યું હતું.

નિખિલ જોષી: પાટણ જીલ્લા બ્યુરોચીફ

# ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નંબર.૧ ના મદદનીશ શિક્ષક કાંતિલાલ એસ.પટેલ નો વિદાય સન્માન ગૌરવ સમારોહ દબદબાભેર રીતે યોજાયો




ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નંબર. ૧, એસ.એમ.સી. ભિલોડા, ભારત વિકાસ પરિષદ ભિલોડા, જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન ભિલોડાના સંયુક્ત ઉપક્રમે ભિલોડા તાલુકા પ્રાથમિક શાળા નંબર. ૧ ના મદદનીશ શિક્ષક અને ધી ભિલોડા તાલુકા પ્રાથમિક શિક્ષક ધિરાણ સહકારી શરાફી મંડળી લી. ના મંત્રી કાંતિલાલ એસ.પટેલ નો વિદાય ગૌરવ સન્માન સમારોહ સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ ભગવાનદાસ પી. પટેલના અધ્યક્ષપદે યોજાયો હતો.ઉદ્ઘાટક સતીષભાઈ પટેલ (મહામંત્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે એન.ડી.પટેલ (સિનીયર લેક્ચરર ડાયટ અરવલ્લી) મનોજભાઈ આર.પટેલ (ઉપ પ્રમુખ અરવલ્લી જીલ્લા ભાજપા) જગદીશભાઈ કે.ખરાડી (પ્રમુખ ભિલોડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ) રશ્મીનભાઈ કલાસવા (ચેરમેન પ્રાથમિક શિક્ષક શરાફી મંડળી, ભિલોડા) રામઅવતાર શર્મા (ભામાશા - ભિલોડા) રમણભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં તાલુકા શાળાના આચાર્ય લીનસભાઈ ખરાડીએ સ્વાગત પ્રવચનમાં મહાનુભાવોને આવકારી કાર્યક્રમની ગરીમાને ઉજાગર કરી હતી. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિવિધ પ્રાથમિક શાળા શિક્ષક જૂથો, સેવાભાવી સંસ્થાઓ, શ્રી દક્ષિણ બારેશી આંજણા ચૌધરી સમાજ, ભારત વિકાસ પરિષદ , જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન, સી.આર.સી જુથ, પી.ટી.સી વિદ્યાર્થીઓ, સગા સ્નેહીઓ દ્વારા વય નિવૃત્ત કાંતિલાલ એસ.પટેલ નેસન્માનપત્ર, શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સૌએ બહુમાનિત કરી તેમની વિદાય ને ભવ્યાતિભવ્ય બનાવી હતી.પ્રસંગિક પ્રવચનોમાં મહાનુભાવોએ એમના સક્રિય હકારાત્મક, વિદ્યાર્થીલક્ષી સુંદર કાર્યોની નોંધ લઈ એક આગવા રોલ મોડલ રૂપ શિક્ષકને સાચા અર્થમાં ભાવભીની લાગણીસભર વિદાય આપી હતી.

# એકમાત્ર વિશ્રામ તેમજ હરવા-ફરવાનું સ્થાન એટલે આહવા નું ગાંધીબાગ વિરાન બન્યું

ડાંગ જિલ્લાનાં વહીવટી મથક આહવા ખાતે ગાંધીબાગ આવેલ છે જે ગાંધીબાગ ડાંગનાં અસંખ્ય લોકો હરવા-ફરવા તેમજ સામાજિક સમસ્યા નિવારણ માટે આવે છે ડાંગ જિલ્લાનાં મુખ્ય વડા ગણાતા કલેકટરનાં બંગલાને અડીને ગાંધીબાગ આવેલ છે આ ત્રણ રસ્તા પરથી ડાંગનાં તમામ નેતાઓ,તમામ અધિકારી પસાર થાય છે તેમ છતાં ગાંધીબાગની સ્થિતિ જોવા કોઈ તૈયાર નથી ત્યારે આજરોજ ગાંધીબાગ ની મુલાકાત લેતાં જાણવા મળ્યું છે ગાંધીબાગનાં વિવિધ છોડ પાણીનાં અભાવે મરી ગયાં ધાસ મરી ગયું હોવાથી બાગ વિરાન બની ગયો છે ત્યાં મુકવામાં આવેલ મોટા-ભાગનાં બાકડાઓ તુંટી ગયાં છે જે બેસવા માટે શેડ



બનાવવામાં આવ્યાં તેની દિવાલો,પતરા તુટી ગયાં છે પાણીની પરબ છે નળ પણ છે પરંતુ તેમાં પાણી આવતું નથી સંડાસ-બાથરૂમ બનાવવામાં આવ્યાં છે જેમાં પાણી નથી આવતું તે તુટી ગયાં છે આહવા નગર સહીતનાં ગામડાઓ માંથી આવતાં લોકો માટે ગાંધીબાગ આશ્રયનું સ્થાન હતું પરંતુ આજે ગાંધીબાગ મેદાન બની ગયું છે તેમ છતાં ગામડાનાં લોકો આ ગાંધીબાગ માં સામાજિક કાર્યક્રમો કરે છે

ડાંગ જિલ્લા કલેકટર મહેશ પટેલ ગાંધીબાગની રૂબરૂ મુલાકાત કે તેમનાં સ્ટાફ દ્વારા તપાસ કરાવી ગાંધીબાગનાં રિપેરીંગ કે રીનોવેશન માટે યોગ્ય કાર્યવાહી કરે તે લોકોનાં હિતમાં જ છે

# આડેસર માં ગુંજ્યા હર હર મહાદેવ નાં નાદ..



કચ્છ ,વાગડ ના આડેસર ગામ મધ્યે ગત રોજ સનાતન ધર્મ જાગરણ શિવ યાત્રા નીકળી હતી. સાધુ,સંતો,મહંતો ની દિવ્ય ઉપસ્થિતિ માં મહાયાત્રા નીકળી હતી.આદેશ્વર મહાદેવ નાં નામ પર થી વસેલા આડેસર ગામ માં શિવ યાત્રા પહોંચી ત્યારે હજારો ની સંખ્યા માં ગ્રામજનો જોડાયા હતા તથા હર હર મહાદેવ નાં નારા થી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. (રમેશ ગોસ્વામી "સારથિ")

# આદિ મહોત્સવ અમદાવાદ ખાતે જુદા જુદા રાજ્યોના કારીગરોને પોતાના ધંધાની વૃદ્ધિ માટે વર્કશોપનું આયોજન કરાયું




ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત અમદાવાદ માં વસ્ત્રાપુર ખાતે આદિ મહોત્સવમાં કારીગરોની વ્યાવસાયિક ક્ષમતા વધારવા માટે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આંત્રપ્રિન્યોરશીપ એન્ડ સ્મોલ બિઝનેસ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય વર્કશોપમાં જિલ્લા વન અધિકારી શ્રી આર.એમ.પરમાર અને ટ્રાઈફેડ ના પ્રાદેશિક પ્રબંધક શ્રી અજીત વાછાણી.અને તેનું ઉદ્ઘાટન શ્રી નિકુંજ પટેલ સિનિયર પ્રોગ્રામ એક્ઝિક્યુટિવ દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમનું ઉદ્ઘાટન બિરસા મુંડા જીની પ્રતિમા પર પુષ્પ અર્પણ કરીને કરવામાં આવ્યું હતું, ત્યારબાદ રાષ્ટ્રીય ઉદ્યમી અને નાના વેપાર વિકાસના રાજ્ય સંયોજક દ્વારા. સંસ્થા, શ્રી ઉમાચરણ રાજપૂત, મુખ્ય મહેમાન શ્રી આર.એમ.પરમાર.શ્રી અને મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી, કાર્યક્રમ સંયોજક દ્વારા વર્કશોપનો ઉદ્દેશ્ય અને ઉપયોગિતા વિગતવાર સમજાવવામાં આવી હતી અને મહેમાનો દ્વારા સહભાગીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રોગ્રામમાં લગભગ ૪૦ સહભાગીઓ છે. બધા સહભાગીઓ ઉત્સાહપૂર્વક વર્કશોપમાં શીખવા પર ધ્યાન આપી રહ્યા છે જેથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ તેમના પોતાના વ્યવસાયની વૃદ્ધિ અને નફો કમાવવાની ક્ષમતા માટે થઈ શકે.




"દુર્ગાધામ"મહિલા નારીશક્તિ એવોર્ડ ૨૦૨૩..શિક્ષણવિદ મીનાક્ષી રાવલ

# ડાંગ આહવા સરકારી વાણિજ્ય અને વિનિયન કોલેજના વિધ્યાર્થીઓ આંતર ઝોનલ કબડ્ડી સ્પર્ધામા બીજા ક્રમે વિજેતા બન્યા



સરકારી વાણિજ્ય અને વિનિયન કોલેજ-આહવાના ખેલાડીઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર ઝોનલ કબડ્ડી સ્પર્ધામા બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે એક ખેલાડી આંતર યુનિવર્સિટીની ટીમમા પસંદગી પામ્યો છે. તારીખ ૨૦ અને ૨૧ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર ઝોનલ કબડ્ડી સ્પર્ધા અને આંતર યુનિવર્સિટી પસંદગીનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ સ્પર્ધામા સરકારી વાણિજ્ય અને વિનિયન કોલેજના ખેલાડીઓએ પોતાનો ઉત્કૃષ્ટ દેખાવ કરતા આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામા બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

આંતર યુનિવર્સિટી સિલેક્શનમા આહવા કોલેજના કુલ ૭ ખેલાડીઓ ભાગ લીધો હતો જેમા એફ.વાય.બીએ ના સાબળે નૈનેશભાઇ સિતારામભાઇનુ સિલેશન થયુ હતુ. જે વિધ્યાર્થી તારીખ ૦૨/૧૧/૨૦૨૩ના રોજ ઈંદોર ખાતે વેસ્ટ ઝોન યુનિવર્સિટી કબડ્ડી રમતમા ભાગ લેવા જશે.આંતર યુનિવર્સિટી સ્પર્ધામા આહવા કોલેજના આચાર્યશ્રી ડો.ઉત્તમ ગાંગૂરડેના નેજા હેઠળ કોલેજના પ્રાધ્યાપક પી.ટી.આઇ શ્રીમતી હિતાક્ષી. આર. મૈસુરીયા દ્વારા વિધ્યાર્થીઓને તાલીમ અને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ.

# રાષ્ટ્રીય એકતા દિવસ' ની ઉજવણીના ભાગરૂપે ડાંગ જિલ્લાના વહીવટી તંત્રના જિલ્લા સ્તરથી લઈને ગ્રામ્ય સ્તર સુધીના કર્મયોગીઓએ 'રાષ્ટ્રીય એકતા શપથ' ગ્રહણ કર્યા



'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સ્વપ્નદ્રસ્ટા લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિને દેશ સમસ્તમા રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામા આવે છે. જેના ભાગરૂપે આજે ડાંગ કલેકટર શ્રી મહેશભાઇ પટેલ તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.ડામોરની આગેવાની હેઠળ, જિલ્લા સેવા સદન ખાતે મહેસુલી અધિકારી, તેમજ જિલ્લા પંચાયતની જુદી જુદી શાખાના શાખાના અધિકારીઓ ઉપરાંત કર્મચારીઓએ એકતાના શપથ ગ્રહણ કર્યા હતા. આહવા ઉપરાંત જિલ્લાના વધઈ અને સુબિર તાલુકા ખાતે પણ મામલતદારશ્રી સહિતના અધિકારી, કર્મચારીઓએ શપથ ગ્રહણ કરી 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો સંદેશ ગુંજતો કર્યો હતો. વન વિભાગની કચેરી ખાતે પણ ફોરેસ્ટ ફોર્સ દ્વારા શપથ લેવામા આવ્યા હતા, તો આહવા પોલીસ દ્વારા નાયબ જિલ્લા પોલીસ અધિકક્ષક શ્રી એસ.જી.પાટીલની આગેવાનીમા પોલીસના જવાનોએ પણ એકતા દિવસના શપથ લીધા હતા.જિલ્લા અને તાલુકા મથકો ઉપરાંત ગ્રામ્ય કક્ષાની કચેરીઓ, આરોગ્ય કેન્દ્રો, આંગણવાડી કેન્દ્રો, પંચાયતો કક્ષાએ પણ રાષ્ટ્રીય એકતા શપથ ગ્રહણ કર્યા હતા.રાષ્ટ્રીય એકતા દિવસે ડાંગના કર્મયોગીઓએ જે શપથ ગ્રહણ કર્યા છે, તે અક્ષરશઃ આ મુજબ છે.

'હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડતા, અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરીશ, અને મારા દેશવાસીઓમા પણ આ સંદેશ ફેલાવવાનો પૂરો પ્રયત્ન કરીશ. હું આ શપથ મારા દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છુ. જે સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી, અને કાર્યોથકી સંભવ બની છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારું પોતાનું યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છુ.'

# રેસકોર્ષ રીંગ રોડ પર ભાવિનભાઈ ઠક્કર દ્વારા 'મલ્ટી આઈકોન' નામથી સોફ્ટવેર આ.ટી. કંપનીની નવી ઓફીસના ઉદઘાટન પ્રસંગે ગૌશાળામાં અનુદાન અપાયું

રેસકોર્ષ રીંગ રોડ પર ભાવિનભાઈ ઠક્કર દ્વારા 'મલ્ટી આઈકોન' નામથી સોફ્ટવેર આ.ટી. કંપનીની નવી ઓફીસના ઉદઘાટન પ્રસંગે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન અને શ્રીજી ગૌશાળાને મદદ કરવાના હેતુથી તેમણે અનુદાન સ્વીકાર કેન્દ્ર રાખ્યું હતું. જયાં અબોલ જીવોનાં ભરણ પોષણ અને સારવાર માટે અનુદાન કરવા દાનપેટી રાખવામાં આવી હતી. ભાવિનભાઈ ઠક્કર દ્વારા અનુદાનમાં આવેલી હજારો રૂપિયાની રકમને ગૌશાળામાં આપવામાં આવી હતી. ભાવિનભાઈ ઠક્કરે સમાજ માટે જીવ રક્ષા, ગૌ રક્ષા ક્ષેત્રે ખૂબ જ અનુકરણીય પગલું ભર્યું છે. તેમજ તેમની નવી ઓફીસમાં સ્ટાફમિત્રો માટે પણ અનેક સુવિધાઓથી સજ્જ જેવી કે, ગેમઝોન, જીમ, રેસ્ટોરન્ટ જેવી સગવડતાઓ પુરી પાડવામાં આવે છે. જેથી સ્ટાફમિત્રો પણ થોડી નવરાશની પળોમાં મનોરજંન યુકત વાતાવરણ માણી શકે.

જિંદગીની સફરમાં જયારે ક્ષણભર 'પ્રસંગ' નામનો પ્રસંગ આવતો હોય ત્યારે જીવનમાં કશુંક વિશેષ થતું હોય એવું લાગે છે. બે ઘડી જીવન ક્યાંક જીવવા જેવું લાગે. ઘરમાં કોઈ શુભ પ્રસંગ હોય તો ઘર જાણે જીવતું હોય, એમાં જીવ આવી ગયો હોય તેવો અનુભવ થાય. ચારેબાજુ રાજીપો વરસતો હોય છે. સગા-વ્હાલાઓનાં




હસતા મોઢા જોઈને મન મોહિત થઈ જાય છે. આવે વખતે ચાંલ્લા કરવાનો રિવાજ મોખરે આવતો હોય છે, ઘણા લોકો આવા શુભ પ્રસંગે ફ્લાવર્સ કે અન્ય કોઈ ચીજ વસ્તુ ભેટ સ્વરૂપે આપતાં હોય છે જે ખરેખર પ્રસંગ પતી ગયા બાદ બિન ઉપયોગી બની જતા હોય છે. અને હજારો રૂપિયાનો ખોટો ખર્ચ થતો હોય છે. પરંતુ હવે કેટલાંક લોકોએ આ પ્રથા બંધ કરી છે ત્યારે સમાજને આ બાબતે એક નવી દિશા સુઝાડવી જ રહી. આપણે પોતે જયારે શુભ પ્રસંગનો આનંદ માણતા જ હોઈએ ત્યારે સવિશેષ આપણે બીજાનાં જીવનમાં ચાંલ્લો કરવાનો મોકો છોડવા જેવો નથી. આ કાર્ય ઘણી રીતે કરી શકાય છે. જે કોઈને પણ જેવું સ્થળ અનુકુળ હોય એ સ્થળે થેલેસેમિયાનાં બાળકો માટે રક્તદાન કેમ્પ, જે બાળકો માનસિક રીતે ક્ષતિગ્રસ્ત હોય તેમને માટે કોઈ વિશેષ કાર્યક્રમ, જીવદયા-પાંજરાપોળોને દાન કે પછી ગૌમાતા માટે અનુદાન, જે દીકરીઓ અનાથ છે તેમને લગ્ન માટે આર્થિક મદદ વગેરે જેવા અનેક ગમતાં કાર્યો દ્વારા અન્યનાં જીવનમાં પણ આનંદની જ્યોત પ્રગટાવી શકાય છે.



ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી ગાંધીનગર ધ્વારા તા.૨૮-૧૦-૨૦૨૩ ને શનિવારના રોજ શરદોત્સવ નિમિત્તે ગરબાનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું હતુ, શરદોત્સવની ઉજવણીમા મધુર ડેરીના અધિકારીઓ, કર્મચારી ગણ અને મધુર ડેરી સાથે જોડાયેલ ગાંધીનગર જિલ્લા દૂધ મંડળીના ચેરમેનશ્રીઓ, સભાસદો, નિયામકશ્રીઓ, સંસ્થાના ચેરમેનશ્રી તથા મેનેજીંગ ડીરેકટરશ્રી પરીવાર સાથે શરદોત્સવમાં હાજર રહયા હતાં. શરદોત્સવમાં પધારેલ મહેમાન તરીકે શ્રી નિતીનભાઈ પટેલ-પૂર્વ પ્રમુખ ભાજપ, શ્રી મનુભાઈ પટેલ, પૂર્વ ચેરમેનશ્રી-સ્ટેન્ડીંગ કમિટી, ગાંધીનગર મહાનગરપાલિકા, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, શ્રી પ્રવિણભાઈ પટેલ, પૂર્વ મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, શ્રી કાર્તિકભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, શ્રી બિપીનભાઈ જોશી, સેલ ચેરમેન ભાજપ, શ્રી શંકરસિંહ ગોહિલ, વાઈસ ચેરમેનશ્રી બાર એસોસીએશન ગુજરાત રાજય, શ્રી પ્રદિપસિંહ વાઘેલા-વિધા લાયબ્રેરી અને ગોજીયા સાહેબશ્રી, સીનીયર જનરલ મેનેજર, અમૂલ ફેડરેશન વગેરે મહેમાનો શરદોત્સવમાં હાજરી રહી સર્વેએ સમૂહ આરતીનો લાભ લીધો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.